દિલ્હીની વાત

(પહેલા પાનાનું ચાલુ)

લાઈફ ફોટોગ્રાફર છે અને લાઈમ લાઈટમાં નથી. હવે અચાનક કેટલાય દિવસથી તે યાત્રામાં રાહુલની સાથે જ ચાલી રહ્યો છે.

પ્રિયંકા પહેલી વાર આ યાત્રામાં જોડાયાં ત્યારે તેમના પતિ રોબર્ટ વાડરા અને પુત્ર રેહાન પણ જોડાયા હતા. પ્રિયંકા અને વાડરા એ પછી જતા રહ્યા પણ રેહાન હજુ યાત્રામાં જ છે. રેહાન રાહુલની જેમ લોકોનું અભિવાદન ઝીલીને લોકો સાથે ફોટા પડાવે છે તેથી તે પણ રાજકારણમાં આવશે એવું મનાય છે. કોંગ્રેસના નેતા આ અટકળોને નકારતા નથી. રાહુલ ગાંધીએ લગ્ન કર્યાં નથી તેથી નહેરૂ-ગાંધી ખાનદાનનો રાજકીય વારસો સાચવવા રેહાન આગળ આવશે એવું તેમનું માનવું છે.

જો કે કોંગ્રેસના પ્રવક્તા જયરામ રમેશે કહ્યું કે, આ વાતને રાજકારણના ચશ્માથી જોવાની જરૂર નથી. રાહુલ ગાંધી થોડા સમયથી પરિવારથી દૂર છે તેથી પરિવાર તેને મળવા આવ્યો હતો.

આર્થિક વિકાસ દર ઘટતાં સરકાર ચિંતામાં

ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ના જુલાઈથી સપ્ટેમ્બરના ત્રિમાસિક ગાળામાં જીડીપ વિકાસ દર ૬.૩ ટકા નોંધાતાં સરકાર ચિંતામાં છે. ચીને આ ક્વાર્ટરમાં માત્ર ૩.૯ ટકાનો જીડીપી વિકાસ દર નોંધાવ્યો છે તેથી ભારત વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતું અર્થતંત્ર છે પણ મોદી સરકારે ધારણા રાખી હતી એવો વિકાસ દર નોંધાયો નથી. ગયા વર્ષે આ જ ત્રિમાસિક ગાળામાં આર્થિક વિકાસ દર ૮.૪ ટકા હતો. ચાલુ નાણાંકીય વર્ષના એપ્રિલથી જૂનના પ્રથમ ત્રિમાસિક ગાળાના ૧૩.૫ ટકા વિકાસ દર હતો. બીજા ક્વાર્ટરમાં તેના કરતાં અડધો વિકાસ દર થઈ ગયો છે. જીડીપીમાં ઘટાડાનું મુખ્ય કારણ માઈનિંગ અને મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રનો નકારાત્મક વૃધ્ધિ દર છે. તેના કારણે પણ સરકારની ચિંતા વધી છે કેમ કે મોદી સરકાર મેન્યુફેક્ચરિંગ સેક્ટર પર મોટી આશા રાખીને બેઠી હતી.

આર્થિક નિષ્ણાતોના મતે, ભારતમાં મેન્યુફેક્ચરિંગ સેક્ટર પહેલેથી માથાનો દુઃખાવો છે. અત્યારે તો વૈશ્વિક સ્તરે માંગ ઘટી છે તેના કારણે હવે પછીના ક્વાર્ટરમા પણ તેની અસર વર્તાશે એવું લાગે છે.

સિસોદિયાએ કૌભાંડ કરવા ૧૧ ફોન બદલેલા ?

દિલ્હી એક્સાઈઝ પોલિસી કૌભાંડના પુરાવાનો નાશ કરવા બિઝનેસમેન અમિત અરોડા અને મનિષ સિસોદિયાએ ૧૧ મોબાઈલ ફોનનો ઉપયોગ કર્યો હોવાનો ઈડીએ દાવો કર્યો છે. આ બધા ફોન કૌભાંડના ગાળામાં ઉપયોગમાં લીધા પછી ફેંકી દેવાયા હતા. આ ફોનની કિંમત લગભગ ૧.૩૫ કરોડ રૂપિયા હતી. શરાબના ઘણા વેપારી અને ઘણા વરિષ્ઠ અધિકારીઓએ પણ પોતાના ફોન બદલ્યા હતા.

કાનૂની નિષ્ણાતોના મતે, ઈડીનો દાવો ચોંકાવનારો છે પણ આ અંગેના કોઈ પુરાવા રજૂ કરાયા નથી. સિસોદિયા સામે ઈડી આક્ષેપ પર આક્ષેપ કર્યા કરે છે પણ તેમને આરોપી સુધ્ધાં બનાવાયા નથી એ જોતાં ઈડીની વાત પર કેટલો વિશ્વાસ મૂકી શકાય એ પણ સવાલ છે.

ગુરુગ્રામમાં આવેલી બડી રિટેલ કંપનીના અમિત અરોડાની મંગળવારે ઈડીએ ધરપકડ કરી હતી. અરોડા સિસોદિયાની નજીક મનાય છે. સીબીઆઈના ચાર્જશીટમાં દાવો કરાયો છે કે અમિત અરોડા અને અન્ય બે આરોપી દિનેશ અરોડા અને અર્જુન પાંડે મનિષ સિસોદિયા માટે નાણાં ઉઘરાવતા હતા. અરોડાએ લાંચ દ્વારા લગભગ ૨.૫ કરોડ રૂપિયા ભેગા કર્યા હતા.

એમસીડીની ચૂંટણીમાં અંગત આક્ષેપોની બોલબાલા

દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન (એમસીડી)ની ચૂંટણીના મતદાન આડે બે દિવસ જ બાકી છે ત્યારે ભાજપ અને આમ આદમી પાર્ટી પૂરી તાકાતથી મચી પડ્યાં છે. બંને પક્ષના નેતા એકબીજાને ગાળો દેવામાં કોઈ કસર છોડી રહ્યાં નથી.

દિલ્હીમાં ઘણી બધી સમસ્યાઓ છે અને આ પૈકીની મોટા ભાગની સમસ્યાએઓ કોર્પોરેશન સાથે સંકળાયેલી છે પણ એ મુદ્દા કોઈ ઉઠાવતું જ નથી. તેના બદલે આખો પ્રચાર અંગત આક્ષેપબાજી પર જ કેન્દ્રિત થઈ ગયો છે. પ્રજાના પ્રશ્નોની વાત જ થતી નથી.

ભાજપના નેતા આપના નેતાઓ માટે ધોખારત્ન અને કટ્ટર બેઈમાન જેવા શબ્દો વાપરી રહ્યા છે ત્યારે આમ આદમી પાર્ટીએ ભાજપને વીડિયો-મેકિંગ કંપની જાહેર કરી દીધી છે. ભાજપ તિહાર જેલમાં બંધ કેજરીવાલ સરકારના મંત્રી સત્યેન્દ્ર જેનના એક પછી એક વીડિયો બહાર પાડી રહ્યો છે એ મુદ્દે કેજરીવાલે કટાક્ષ કર્યો છે. આપનું કહેવું છે કે, દિલ્હીમાં લોકોએ ભાજપની રાજકીય દુકાન સાવ બંધ કરી દીધી છે તેથી હવે ભાજપે વીડિયો બનાવવાનો ધંધો કરવા સિવાય આરો નથી.

બિલકિસ બાનોએ ઉઠાવેલા બંને મુદ્દામાં દમ

બિલકિસ બાનો સામૂહિક બળાત્કાર કેસના દોષિતોની મુક્તિ સામે બિલકિસ બાનોએ સુપ્રીમ કોર્ટમાં બે અરજી કરતાં આ કેસમા નવો વળાંક આવ્યો છે. બાનોએ પહેલી અરજી ૧૧ દોષિતોની મુક્તિ વિરૂધ્ધ અને બીજી અરજી સુપ્રીમ કોર્ટે આપેલા આદેશ અંગે ફેરવિચારણાની છે.

સુપ્રીમ કોર્ટે મે મહિનામાં આદેશ આપ્યો હતો કે, દોષિતોને મુક્ત કરવા અંગેનો નિર્ણય ગુજરાત સરકાર લેશે. બિલ્કીસે એવો મુદ્દો ઉઠાવ્યો છે કે, મહારાષ્ટ્રમાં કેસની સુનાવણી ચાલી હતી ત્યારે ગુજરાત સરકાર કેવી રીતે નિર્ણય લઈ શકે ? આ કેસમાં દોષિતોની મુક્તિ સામે પહેલાં જ અરજી થઈ ચૂકી છે. ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચૂડે કહ્યું છે કે આ કેસમાં દાખલ તમામ પિટીશન પર ઝડપથી સુનાવણી કરાશે.

કાનૂની નિષ્ણાતોનું માનવું છે કે, બિલકિસ બાનોઓ ઉઠાવેલા બંને મુદ્દામાં દમ છે તેથી સરકાર ભીંસમાં આવશે. બળાત્કાર અને હત્યાના દોષિતોને મુક્ત કરવાનો નિર્ણય આઘાતજનક છે જ. ગુજરાત સરકારે કાયદા પ્રમાણે નિર્ણય લીધો કે નહીં એ મુદ્દો મહત્વનો નથી પણ ગુનાની ગંભીરતાને ધ્યાનમાં લેવી જરૂરી છે.

લંડનમાં એમ્બ્યુલન્સ ડ્રાઈવરો હડતાળ પર ઉતર્યા છે. લગભગ એક લાખ ડ્રાઈવરોનો સ્ટાફ હડતાળ પર ઉતરતા એમ્બ્યુલન્સ સર્વિસ ઠપ થઈ ગઈ છે. આટલું ઓછું હોય તેમ એક લાખ નર્સિંગ સ્ટાફ તેને ટેકો આપે તેવી સંભાવના છે. તેના પગલે યુકેની સ્વાસ્થ્ય સેવા ખોરવાઈ જશે તેમ મનાય છે. આના પગલે આરોગ્યપ્રધાન ઓલિવર ડૌડેને રાજીનામુ આપી દીધું છે.

૨૦૧૪માં ક્રૂડ રૂ. ૧૦૭.૦૯ હતું ત્યારે પેટ્રોલ રૂ. ૭૧.૫૧માં મળતું

ક્રૂડનો ભાવ ૮૮.૬ ડોલર છતાં દેશમાં પેટ્રોલ અને ડીઝલ રૂ. ૧૦૦ નજીક

વૈશ્વિક સ્તરે ક્રૂડ ઓઈલના ભાવ વિક્રમી નીચા સ્તરે છે તેવા સમયમાં દેશમાં પેટ્રોલ અને ડીઝલના ભાવ રૂ. ૧૦૦ની નજીક છે. આવા સમયે કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ દેશમાં પેટ્રોલ અને ડીઝલના ઊંચા ભાવ મુદ્દે કેન્દ્ર સરકારની ઝાટકણી કાઢી હતી અને કહ્યું કે વૈશ્વિક સ્તરે ક્રૂડ ઓઈલના ભાવ ૧૦ મહિનાના તળીયે હોવા છતાં ભાજપની લૂંટ ચાલુ છે.

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ ગુરૂવારે એક ટ્વીટ કરીને કહ્યું, ૧૬ મે, ૨૦૧૪ના રોજ ક્રૂડ પ્રતિ બેરલ ૧૦૭.૦૯ અમેરિકન ડોલર જ્યારે પેટ્રોલના ભાવ રૂ. ૭૧.૫૧ અને ડીઝલનો ભાવ રૂ. ૫૭.૨૮ હતો. ૧ ડિસેમ્બર ૨૦૨૨ના રોજ ક્રૂડ પ્રતિ બેરલ ૮૭.૫૫ યુએસ ડોલર છે. પેટ્રોલનો ભાવ રૂ. ૯૬.૭૨ અને ડીઝલનો ભાવ રૂ. ૮૯.૬૨ છે. ક્રૂડ ઓઈલ ૧૦ મહિનાના તળીયે છે, પરંતુ ભાજપની લૂંટ યથાવત્ છે.

એનઆઈએની ટીમ પણ હેકિંગની તપાસમાં જોડાઈ

એઈમ્સના સર્વરની ફોરેન્સિક તપાસ થશે, હેકર્સનું પગેરું શોધવા મથામણ

નવી દિલ્હી, તા. ૧

દિલ્હીની એઈમ્સ પર સાઈબર એટેક થયો એ પછી હજુ સુધી વધુ કોઈ સ્પષ્ટતા થઈ નથી. હેકર્સનું પગેરું મેળવવા માટે તપાસ એજન્સીઓ પ્રયાસો કરી રહી છે. હેકિંગનો સોર્સ શોધવા માટે સર્વરની ફોરેન્સિક તપાસ હાથ ધરાશે. નેશનલ ઈન્વેસ્ટિગેટિવ એજન્સી પણ હેકિંગની તપાસમાં જોડાઈ છે. કેટલો ડેટા ચોરાયો તે બાબતે કોઈ સ્પષ્ટતા હજુ થઈ નથી.

હેકિંગમાં કોનો હાથ છે અને કેટલા દર્દીઓનો ડેટા ચોરાયો તે અંગે હજુ કોઈ સ્પષ્ટતા થઈ નથી

દિલ્હી એઈમ્સના સર્વર છેલ્લાં એક સપ્તાહથી ઠપ થઈ ગયા છે. પાંચ હજાર કમ્પ્યુટર્સનો પથારો ધરાવતી સિસ્ટમ પર સાઈબર એટેક થયો હોવાથી દર્દીઓની બધી જ ઓનલાઈન સર્વિસ પ્રભાવિત થઈ છે.

હજુ સુધી હેકર્સનું પગેરું મળ્યું નથી. સર્ન ઈન, ગૃહ મંત્રાલયની ટીમ, સીબીઆઈ, આઈબી અને દિલ્હી પોલીસની સાઈબર વિભાગની ટીમ તપાસમાં જોડાઈ ગઈ હતી. હવે બિનસત્તાવાર રીતે એનઆઈએની ટીમ પણ તપાસમાં જોડાઈ છે. હેકર્સનું પગરું મેળવવા માટે સર્વરની ફોરેન્સિક તપાસ થશે. સેન્ટ્રલ ફોરેન્સિક લેબના નિષ્ણાતોએ હેક થયેલા સર્વરની તપાસ શરૂ કરી છે.

હેકર્સ ભારતના છે કે વિદેશી તેની હવે તપાસ થશે. એઈમ્સના ૫૦ સર્વર અને પાંચ હજાર કમ્પ્યુટર્સ સ્કેન થઈ રહ્યાં છે. તેના કારણે હોસ્પિટલની બધી જ સર્વિસ મેન્યુઅલી ચાલી રહી છે. હેકર્સે ૨૦૦ કરોડની ખંડણી માગી હોવાનો દાવો અહેવાલોમાં થયો હતો. જોકે, દિલ્હી પોલીસે એ અંગેની જાણકારી ન હોવાનું કહ્યું હતું. એઈમ્સે પણ સત્તાવાર રીતે તેની જાણકારી આપી નથી. લગભગ ચારેક કરોડ લોકોનો ડેટા પ્રભાવિત થયો હોવાની આશંકા વ્યક્ત થઈ છે.

મુંબઈના

(પહેલા પાનાનું ચાલુ)

આ સમસ્યા આવી રહી હોવાનું કહેવામાં આવ્યું હતું. આ ટેકનિકલ સમસ્યાને ઉકેલવા માટે એરપોર્ટ વહીવટી તંત્ર યુદ્ધના ધોરણે કામે લાગી ગયું હતું. અંતે દોઢ થી બે કલાકની ભારે જહેમત બાદ મુંબઈ ટી-૨ એરપોર્ટ પરના તમામ સર્વર કામ કરતા થઈ જતા પ્રવાસીઓ સહિત વહીવટીતંત્રે રાહતનો શ્વાસ લીધો હતો.

આજે સાજે અચાનક મુંબઈ એરપોર્ટ પરનું સર્વર પૂર્ણપણે ડાઉન થઈ જતા પ્રવાસી ડેટા બાબતનું કામ પણ ઠપ્પ થઈ ગયું હતું. પરીણામે પ્રવાસીઓની તપાસ, બેગેજ કાઉન્ટર ચેકઈન પ્રક્રીયા તેમજ બોર્ડીંગ પાસ આપવાનું કામ થંભી ગયું હતું. આ સંદર્ભે મુંબઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર કાર્યરત સીઆઈએસએફની માહિતી મુજબ એરપોર્ટ પર સર્વર ડાઉન થઈ જતા સામાન્ય સંજોગોમાં રહેતી ભીડ થોડી વધી ગઈ હતી.

અનેક ટ્વિટર યુઝર્સે ભીડના ફોટો પાડી શેર કર્યા હતા.

આ ઘટના બાદ એવું બહાર આવ્યું હતું કે મુંબઈમાં કોઈક સ્થળે ચાલી રહેલ કામ દરમ્યાન નેટવર્ક કેબલ કપાઈ જતા આ સમસ્યા ઉદ્ભવી હતી. જોકે સમસ્યાનો ઉકેલ થઈ જતા સાંજે સાત વાગ્યા બાદ એરપોર્ટનું કામ રાબેતા મુજબ શરૂ થઈ ગયું હતું.

ગુજરાતમાં

(પહેલા પાનાનું ચાલુ)

નીતિવિષયક હોઈ વહીવટી તંત્ર દ્વારા ગ્રામજનોને વારંવાર સમજાવવામાં આવ્યા હતા અને મતદાન કરવા માટે અનુરોધ પણ કરવામાં આવ્યો હતો, છતાં ગ્રામજનો મતદાનથી દૂર રહ્યા હોવાની જાણકારી મળી છે.

રાજ્યમાં ૨૦૧૭માં જ્યારે ચૂંટણી યોજાઈ હતી ત્યારે પ્રથમ તબક્કામાં ૬૮.૩૩ ટકા મતદાન થયું હતું. આ વખતે ચૂંટણી પંચના વધુ મતદાન કરવાના અભિયાન છતાં મોંઘવારી, લગ્ન સિઝન અને અન્ય કારણોસર મતદારોમાં જોઈએ તેટલો ઉત્સાહ જોવા મળ્યો નથી. બીજા તબક્કાનો ચૂંટણી પ્રચાર જોરશોરથી ચાલી રહ્યો હતો ત્યારે પ્રથમ તબક્કાની બેઠકોમાં મતદાન ચાલી રહ્યું હતું. અહેવાલ પ્રમાણે શહેરી વિસ્તાર કરતાં ગામડામાં મતદાન વધુ થયું હોવાનું માનવામાં આવે છે. અંદાજ પ્રમાણે તાપી જિલ્લામાં સૌથી વધુ ૭૦ ટકા કરતાં વધુ મતદાન થયું હોવાના અહેવાલ છે.

સવારે આઠ કલાકે શરૂ થયેલા મતદાન પછી એક કલાકમાં નવ વાગ્યા સુધી ૪.૯૪ ટકા અને ૧૧ વાગ્યા સુધી ૧૯.૨૪ ટકા મતદાન નોંધાયું હતું. રાજ્ય ચૂંટણી પંચના આંકડા પ્રમાણે બપોરના એક વાગ્યા સુધીમાં સરેરાશ ૩૪.૬૫ ટકા મતદાન થયું હતું. મતદાનના દિવસે ઘણાં પોલિંગ સ્ટેશન એવાં હતા કે જ્યાં મતદારોની લાઈન લાગી હતી. બપોરના ત્રણ કલાકે મતદાનની ટકાવારી ૪૨.૨૬ ટકા પહોંચી હતી જેમાં સૌથી વધુ ૬૪.૨૭ ટકા તાપી જિલ્લાની બેઠકોમાં મત પડ્યા હતા. જો કે સાંજે પાંચ કલાકના આંકડા પ્રમાણે ૧૯ જિલ્લામાં સરેરાશ ૫૯થી ૬૧ ટકા મતદાન થયું છે.

રાજ્યની ૮૯ બેઠકો માટે ૨.૩૯ કરોડ મતદારોને મતાધિકારનો ઉપયોગ કરવાની તક મળી હતી. આ માટે ચૂંટણી પંચે ૨૫૪૩૦ મતદાન મથકો તૈયાર કર્યા હતા. આ મથકો પૈકી ૯૦૧૪ શહેરી વિસ્તારમાં અને ૧૬૪૧૬ ગ્રામીણ વિસ્તારમાં હતા. પ્રથમ તબક્કામાં કુલ ૧૩૦૬૫ વેબકાસ્ટિંગ મતદાન મથકો હતા.

મહત્વની બાબત એવી છે કે ઉના મતવિસ્તારના બાણેજ ગામના મતદાન મથકે ચાર કલાકમાં ૧૦૦ ટકા મતદાન થયું હતું, જો કે અહીંયા માત્ર મહંત હરિદાસ બાપુનો એક જ મત છે. ગીરના જંગલમાં મહાદેવના મંદિર પાસે પોલિંગ બુથ ઉભું કરવામાં આવ્યું હતું, જ્યાં મહંતે મત આપ્યો હતો. તાપીમાં મતદાન કરવા માટે એક યુવકે મહારાષ્ટ્રમાં થનારા લગ્નનો સમય બદલી નાંખ્યો હતો. જૂનાગઢમાં વોટીંગની તસવીરો વાયરલ થતાં જિલ્લા ચૂંટણી અધિકારીએ કાયદેસરની કાર્યવાહી કરવાની સૂચના આપી છે.

કોંગ્રેસના અમરેલીના ઉમેદવાર પરેશ ધાનાની મતદાન કરવા માટે સાયકલ પર ગયા હતા અને પાછળની સાઈડે ગેસનું સિલિન્ડર બાંધ્યું હતું. તેમણે મોંઘવારીના પ્રતિક વિરોધ સાથે મત આપ્યો હતો. રાજકોટના ગોંડલની બેઠક પર દિવસભર અજંપાભરી સ્થિતિ જોવા મળી હતી. આ બેઠકમાં રિબડા જૂથને ટિકીટ આપવામાં આવી ન હતી તેથી આ જૂથ આક્રમક બન્યું હતું. પોલીસ સાથે ઘર્ષણ થયાની ઘટના સામે આવી હતી. ચોર્યાસીના ભાજપના ઉમેદવારને ઈવીએમમાં મત આપ્યો હતો તેવો વિડીયો વાયરલ થયો હતો. ગોંડલના જામવાડી ગામના એક કેન્દ્રમાં કોંગ્રેસના પોલિંગ એજન્ટને માર મારવામાં આવ્યો હતો.

જૂનાગઢના શાપુરમાં ફરજ બજાવી રહેલા પ્રિસાઈડીંગ ઓફિસરની તબિયત ખરાબ થતાં તેમને સારવાર માટે ખસેડવા પડ્યા હતા. હળવદના અજીતગઢમાં મહિલા સરપંચની પતિ સાથે ઝપાઝપી થઈ હતી. ગીર સોમનાથમાં એક તબક્કે કોંગ્રેસ અને ભાજપના ઉમેદવારો સામસામે આવી ગયા હતા. દ્વારકાના ખંભાળિયામાં લગ્ન બાદ એક કપલ સીધું મતદાન કરવા પહોંચી ગયું હતું, જ્યારે લોકગાયક કિર્તીદાન ગઢવી આધાર કાર્ડ ભૂલી ગયા હોવાથી તેમને મતદાન કરવા જતા અટકાવાયા હતા. પાલીતાણામાં આપ અને ભાજપના કાર્યકરો વચ્ચે મારામારી થઈ હતી. જામનગર ઉત્તરના ઉમેદવાર રિવાબા જાડેજાએ રાજકોટ પશ્ચિમ બેઠક પર મતદાન કર્યું હતું, કારણ કે મતદાન યાદીમાં તેમનું નામ આ બેઠકમાં દર્જ થયેલું છે.

સાણંદ, અમદાવાદ ખાતેના સ્ટીલ પ્લાન્ટમાં વ્યવસાય કરવા માટે ટેન્ડર / દરખાસ્ત મંગાવવાવી સૂચના

આ બાબત નામી સ્ટીલ પ્રાઈવેટ લિમિટેડ (CIN: U27100GJ2012PTC071270), માનનીય નેશનલ કંપની લો ટ્રીબ્યુનલ, અમદાવાદ દ્વારા ૧૬ ઑગસ્ટ, ૨૦૨૨ ના ઓર્ડર નં. CP (IB) 236/NCLT/AHM/2021 સાથે કોર્પોરેટ ઇન્સલોવન્સી રિઝોલ્યુશન પ્રક્રિયા (NSPL) માંથી પસાર થઈ રહી છે.

લેણદારોની સમિતિની સૂચનાઓ હેઠળ NSPL ના રિઝોલ્યુશન પ્રોફેશનલ આથી સર્વે નં 316-P, 317-P, 342-P & 343-P નેનોફોર્ડ રોડ, છારોડી રેલ્વે સ્ટેશન સામે, સાણંદ, અમદાવાદ, ગુજરાત - ૩૮૨૧૧૦ પર સ્થિત કોર્પોરેટ દેવાદારના સ્ટીલ મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટમાં વ્યવસાય કરવા માટે સીલબંધ દરખાસ્તો / બિડને આમંત્રિત કરે છે, સંચાલન કરાર દ્વારા.

બિડ માત્ર પાસવર્ડ પ્રોટેક્ટેડ ફાઈલમાં ઈલેક્ટ્રોનિક રીતે સ્વીકારવામાં આવશે. યોગ્યતાના માપદંડો, નિયમો અને શરતો વગેરે સહિતની સંબંધિત વિગતો કોર્પોરેટ દેવાદારની વેબસાઈટ https://namisteel/ પર હોસ્ટ કરવામાં આવશે. જે રસ ધરાવતા પક્ષકારો દ્વારા ૦૩ ડિસેમ્બર, ૨૦૨૨ થી મફતમાં ડાઉનલોડ કરી શકાય છે.

ટેન્ડર પૂછપરછ/ વિશિષ્ટના વગેરેમાં કોઈપણ ફેરફારો માટે ટેન્ડર્સને ઉપર જણાવેલ કોર્પોરેટ દેવાદારની વેબસાઈટની મુલાકાત દ્વારા ૦૯ ડિસેમ્બર, ૨૦૨૨ સુધીમાં સબમિટ કરવી આવશ્યક છે.

શ્રી. ઉદયરાજ પટવર્ધન

આઈપી રજિસ્ટ્રેશન નં. : IBBI/IPA-001/IP-P00024/2016-17/10057
રીઝોલ્યુશન પ્રોફેશનલ ઑફ નામી સ્ટીલ પ્રાઈવેટ લિમિટેડ
રીઝોલ્યુશન પ્રોફેશનલ અને ફિઝિકલ રજિસ્ટર્ડ સરનામું : નમન મિડટાઉન, બી વિંગ, ૧૧૦૬, ૧૧ મો માળ,કામદાર કલા કેન્દ્રની પાછળ,સેનાપતિ બાપટ માર્ગ, એલ્ફિન્સ્ટન વેસ્ટ, મુંબઈ સિટી, મહારાષ્ટ્ર - ૪૦૦૦૧૩.
ઈમેલ આઈડી રજીસ્ટર્ડ વિથ આઇબીબીઆઈ : ca.udayraj@viajure.in
પત્રવ્યવહાર માટે ઓક્સ ઈમેલઆઈડી : cirpnamisteel@gmail.com
તારીખ : ડિસેમ્બર ૦૧, ૨૦૨૨ ઑથોરાઇઝેશન ફોર અસાઈન્મેંટ નં.
સ્થળ : મુંબઈ AA1/10057/02/110123/103761 (Valid till January 11, 2023)

જાહેર નોટિસ

ડીસ્ટ્રીક્ટ અમદાવાદ સબ ડીસ્ટ્રીક્ટ તથા તાલુકા સાણંદનાં મોજે ગામ ભાવનપુરની સીમનાં (૧) ખાતા નં. ૬૫૧ ની રી-સર્વે પ્રમાણેનાં નવા બ્લોક નં. ૨૮૬ (રી-સર્વે અગાઉનાં જુના બ્લોક નં. ૧૮૩ પૈકી) વાળી હે.આરે.ચો.મી. :૦-૧૭-૮૦, આકાર રૂા. ૧-૦૩ પૈસાવાળી જમીન તથા (૨) ખાતા નં. ૬૫૨ ની રી-સર્વે પ્રમાણેનાં નવા બ્લોક નં. ૨૮૮ (રી-સર્વે અગાઉનાં જુના બ્લોક નં. ૧૮૩ પૈકી) વાળી હે.આરે.ચો.મી. :૦-૩૭-૦૨, આકાર રૂા. ૨-૦૭ પૈસાવાળી જમીન, એમ બંને બ્લોક નંબરોવાળી ખેતરની ખેતીની જમીન, જાગૃતિબેન યોગેન્દ્રભાઈ પટેલ એ તેઓની કુલ સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાની તેમજ તમામ પ્રકારનાં બોજાઓથી મુક્ત નાકરજી હોવાનું જણાવી અમારી પાસે ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફિકેટની માંગણી કરેલ છે.

સબબ ઉપરોકત જમીનો પરત્વે હરકોઈ શખ્સનો હરકોઈ પ્રકારનો બોજો યા હક્ક-દાવો આવેલ હોય તો લેખિત પુરાવાની સર્ટીફાઈડ નકલ સહિત દિન-૭માં નીચેના સરનામે રજી. એ.ડી. પોસ્ટ દ્વારા જાણ કરવી, જો તેમ કરવામાં કસુર યા વિલંબ થશે તો ઉપરોકત જમીનો પરત્વે હરકોઈ શખ્સનાં કોઈ હક્કો આવેલ નથી અગર આવેલ હોય તો જમીનોનાં માલીકોની તરફેણમાં જતાં કરેલ છે તેમ સમજી ઉપરોકત જમીનોનાં ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ કાઢી આપવામાં આવશે ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં જેની જાહેર જનતાએ સ્પષ્ટ નોંધ લેવી.

તા. ૦૨/૧૨/૨૦૨૨ અમદાવાદ

મોદી લॉ એસોસીએટ્સ
મૌલીક દિલીપભાઈ મોદી
એડવોકેટ

પહેલો માળ, ''ઈ'' બ્લોક, સત્યમ કોર્પોરેટસ્કેવર, રાજપથ ક્લબ પાછળ, એસ્ટ્રાલ હાઉસ સામે, ઓફ સિંધુ ભવન રોડ (''સ્ટેલર'' બિલ્ડીંગની બાજુનાં રોડ પર), અમદાવાદ - ૩૮૦૦૫૯
ટે.નં.:૪૦૦૭૨૮૨૮/૪૦૦૭૧૯૨૮

ગુજરાત સમાચાર CLASSIFIEDS
ક્લાસિફાઈડ
ટચુકડી જાહેરખબર
CALL : 8799236001/2

નોકરી વિષયક
ટચુકડી જાહેરખબર

સેલ્સ માર્કેટીંગ
સેલ્સમેન ગર્લ

જોઈએ છે સેલ્સમેન આકર્ષક પગાર રેડીમેઈડ ગારમેન્ટ Romano 9879379577 Panchvati

K.PATEL GROUP OF COMPANY REQUIRES
For JK FENNER (INDIA) LTD.
Products: Industrial V-BELTS
SALES EXECUTIVES
ACCOUNTANT
DATA ENTRY OPERATOR
Graduate, Experienced, Attractive Salary for appropriate candidate, Send your detailed CV to:
jaymin.desai@kpatelgroup.net
kmpatel1952@yahoo.co.in

સેલ્સ એક્ઝિક્યુટીવ

Required Sales Executive for a reputed company at satellite. 9320466600

જોઈએ છે સેલ્સ ઓફિસર FMCG (કુકીસ/ એનર્જી બાર) અનુભવી, અમદાવાદ લોકલ માર્કેટમાં ઓછામાં ઓછો 2- 3 વર્ષનાં અનુભવી, યોગ્ય ઉમેદવાર માટે પગાર બાધ નથી + ઈન્સેનટીવ + કન્વેયન્સ માત્ર Whatsapp કરો (M) 9825321144

Required 5 Field Sales Engineer Having 2- 3 Yrs Field Sales Experience in Marketing Industrial Products. Exp in Selling Motor, Gearbox, Switchgear, Pump, etc... Preferred. Locations:- Ahmedabad, Mehsana & Rajkot. Makharia Machineries Pvt. Ltd. Plot No 3313, B/h, Benzo Products. Phase IV, GIDC, Vatva, Ahmedabad-382445. Ph:- 079-40036090. Send CV to Mail: ahd@makharia.in, Walk in Interview 11 AM to 6 PM on Date:- 03/12/ 2022.

સ્ટાફ
ઑફિસસ્ટાફ

Required A/C Exe. & Back Office Exe. for Textile, safal-1 Raipur B. Com/ Computer Skills. Send CV- nidhi.raval@shreemahadevtex.com

જોઈએ છે ટ્રાન્સપોર્ટ ક્ષેત્રે અનુભવી તેમજ કોમ્પ્યુટર જાણકાર વ્યક્તિ, પટેલ ટ્રાન્સપોર્ટ કંપનીમાં નારોલ/ અસલાલીની બ્રાન્ચને સ્વતંત્ર રીતે સંભાળી ગ્રાહકોની સંતોષ પૂર્વક જવાબ આપી શકે તેવા, બાયોડેટા whatsapp કરો- 9537002222

જોઈએ છે Male/ Female, બેક ઓફિસના કામ માટે જગદીશ મોટર્સ નારણપુરા 9825179110

જનરલ

જોઈએ છે. સફાઈકામ માટે માણસો સોલા, મોટેરા માટે. 9558811900

એન્જીનીયર
સીવીલ એન્જીનીયર

જોઈએ છે જુનિયર એન્જીનીયર-2 BE Civil/ Diploma Civil, 1 થી 2 વર્ષનો અનુભવ, વસ્ત્રાલ સાઈટ માટે, રાઈઝોમ બિલ્ડર્સ, 9825432605

Require Civil Engineer 1 to 5 years Experience and Store Keeper For Construction site Mail: harshvagadiya63@gmail.com Phone: 9727713314

જનરલ

જોઈએ છે ઓઢવ મેગનેટ એન્જીનીયરીંગ કંપનીને અનુભવી વેલ્ડર, ફિટરો, ઓલરાઉન્ડર Meena Magnetic Pvt Ltd. 8758119999, 42 રઘુવીર એસ્ટેટ, ગુર્જર કંપનીના સામે ઓઢવ.

મેડીકલ
ડોક્ટર-નર્સ

Required BAMS/ BHMS Doctor for Day/ Night duty, Nursing Staff (Male) 8 am-8 pm, Shah Piles Fistula Hospital, Nava vadaj, 7878292929

ટેક્નીકલ
ટેક્નીશીયન

જોઈએ છે ફેબ્રીકેશનના જાણકાર વેલ્ડીંગ તથા ગેસ કટીંગ ના કારીગર. 9409983838

જનરલ
કારીગર

જોઈએ છે કારીગર, ફાસ્ટફુડ માટે ચાઈનીઝ, સાઉથ ઈન્ડીયન, ચા- નાસ્તો બનાવનાર. 9909035266

ગૃહ કાર્ય

જોઈએ છે અમદાવાદમાં ઘરડા બા/ દાદાની સાર સંભાળ માટે મહિલાઓ/ પુરુષો, દિવસ/ રાત, 24 કલાક. 9904806494, 9904809987

પ્રાઈમ પ્રોપર્ટી
ટચુકડી જાહેરખબર

નવરંગપુરા
વેચવાનું છે

વેચવાની છે 1500 Sq Ft ઓફિસ, સેમીફર્નિશ્ડ, બીજે માળ, મેમનગર ફાયર સ્ટેશન સામે, વિજય ચારરસ્તા, નવરંગપુરા, 9870051329, 9313805632

ગુજરાત સમાચાર
હવે ટચુકડી અને ક્લાસીફાઈડ ડીસ્પ્લેની જાહેરખબર આપવી એકદમ સરળ.....
બુધવાર થી રવિવાર સુધી દરરોજ ટચુકડી અને ક્લાસીફાઈડ ડીસ્પ્લેની જાહેરખબર પ્રસિધ્ધ કરવામાં આવશે.
વધુ માહિતિ માટે સંપર્ક કરો.
મો.- 87992 36001/02/03

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે જત ડિસ્ટ્રીકટ અમદાવાદ સબ ડિસ્ટ્રીકટ અમદાવાદ-૪ (પાલડી) ના વેજલપુર તાલુકાના મોજે-જોધપુરની સીમનાં સર્વે નંબર-૨૯૮/૧ (જુના વેજલપુરના સર્વે નંબર-૩૯૩/૧), ટી.પી. સ્કીમ નંબર-૫, ફાઈનલ પ્લોટ નંબર-૨૪૯ ની જમીન ઉપર ''નિહારિકા'' નામનો બંગલો આવેલ છે. જેનું ક્ષેત્રફળ ૨૦૮ સ.ચો.મી. જમીન તથા તેની ઉપર ૧૪૬.૧૩ સ.ચો.મી. (સુપર બિ